# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) **પ્રધાનમંત્રી મોદી ઓસ્લોમાં ભારત-નોર્વે વ્યાપાર અને સંશોધન પરિષદમાં હાજરી આપી**

2) **ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢના જગદલપુરમાં સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરશે**

3) **મહારાષ્ટ્રમાં એક અકસ્માતમાં 13 લોકોના મોત થયા.**

4) **ગુવાહાટી સહિત 18 શહેરોમાં વોટર મેટ્રો સેવાઓ શરૂ કરવા કેન્દ્ર સરકારની તૈયારીઓ.**

5) **IPL ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM NORWAY-BUSINESS SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓસ્લોમાં ભારત-નોર્વે વ્યાપાર અને સંશોધન પરિષદમાં હાજરી આપી છે. ક્રાઉન પ્રિન્સ હાકોન અને નોર્વેના પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોરે પણ આ પરિષદમાં ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રી મોદીએ તેમના સંબોધનમાં વેપાર અને આર્થિક ભાગીદારી કરાર, TEPA ના અમલમાં આવ્યા પછી દ્વિપક્ષીય વેપાર અને રોકાણમાં વૃદ્ધિની પ્રશંસા કરી. તેમણે ભાર મૂક્યો કે બંને પક્ષોના ભાગીદારોએ TEPA હેઠળ 100 અબજ અમેરિકન ડોલરના રોકાણ લક્ષ્યને પ્રાપ્ત કરવા અને પરિણામે ભારતમાં 10 લાખ નોકરીઓનું સર્જન કરવા માટે પ્રયાસો કરવા જોઈએ.

(BYTE: NARENDRA MODI, PM)

પ્રધાનમંત્રી મોદીએ ભારતના મહત્વાકાંક્ષી ગ્રીન ટ્રાન્ઝિશન એજન્ડાને પણ રેખાંકિત કર્યો, જેમાં દેશના કદ, વધતી જતી ઉર્જા માંગ, આબોહવા પ્રતિબદ્ધતાઓ અને નવીનીકરણીય ઉર્જા, ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન હાઇડ્રોજન અને સ્વચ્છ ઉર્જામાં ઝડપી વિસ્તરણ પર ભાર મૂક્યો.

આ સમિટમાં 50 થી વધુ કંપનીઓના સીઈઓ અને નોર્વેજીયન અને ભારતીય વ્યાપાર અને સંશોધન સમુદાયોના 250 થી વધુ સહભાગીઓએ હાજરી આપી હતી.

# PM - ITALY VISIT

પાંચ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમનાં ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર આજથી બે દિવસ ઇટાલીના રોમ પહોંચશે.

શ્રી મોદી પ્રધાનમંત્રી મેલોની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ ઇટાલીના રાષ્ટ્રપ્રમુખ સર્જિયો મેટારેલાને પણ મળશે. શ્રી મોદી બંને દેશ વચ્ચે વેપાર અને રોકાણને વધુ પ્રોત્સાહન આપવા વ્યાપારી નેતાઓ સાથે વાટાઘાટો કરશે.

# AMIT SHAH -CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢના બસ્તરના વિભાગીય મુખ્યાલય જગદલપુરમાં સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપશે. ગઈકાલે છત્તીસગઢની તેમની મુલાકાત દરમિયાન, શ્રી શાહે બસ્તર જિલ્લાના નેતાનાર ગામમાં એક જાહેર સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું.

સાંભળીએ એક અહેવાલ...

(BYTE: VIKALP SHUKLA)

# RAJNATH HANOI DIASPORA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરને ભારતના એક મજબૂત, આત્મવિશ્વાસુ અને સક્ષમ રાષ્ટ્ર તરીકે ઉદભવનું પ્રતીક ગણાવ્યું.

ગઈકાલે હનોઈમાં ભારતીય સમુદાયને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું હતું કે ભારત "પહેલા પરમાણુ હુમલો નહીં" નીતિ પ્રત્યે પ્રતિબદ્ધ છે, પરંતુ પરમાણુ ધમકીઓ સામે ઝૂકશે નહીં અને કોઈપણ વિરોધીના દુ:સાહસનો યોગ્ય જવાબ આપવા માટે તૈયાર છે.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, અને આ માત્ર તકનીકી પ્રગતિ જ નહીં પરંતુ નવા ભારતની ઓળખ પણ દર્શાવે છે.

શ્રી સિંહે વૈશ્વિક શાંતિ, સહિયારા વિકાસ અને સમૃદ્ધિ માટે વિશ્વને ભારત સાથે ભાગીદારી કરવા હાકલ કરી હતી. તેમણે ભારતીય સમુદાયને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા પણ અપીલ કરી હતી.

# R.G. KAR MEDICAL COLLEGE

પશ્ચિમ બંગાળ સરકારે કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ સામે કેસ ચલાવવાની મંજૂરી આપી છે.

આ કાર્યવાહી કોલકાતા હાઈકોર્ટના આદેશ અને સીબીઆઈ તપાસને અનુસરીને કરવામાં આવી છે. સંદીપ ઘોષ પર મેડિકલ કોલેજમાં ખરીદી સંબંધિત નાણાકીય ગેરરીતિઓનો આરોપ છે.

આ કેસમાં અન્ય ત્રણ સંસ્થાઓની પણ તપાસ ચાલી રહી છે. સીબીઆઈએ ભ્રષ્ટાચાર અને ગુનાહિત કાવતરાના આરોપો હેઠળ કેસ નોંધ્યો છે, જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પણ મની લોન્ડરિંગની તપાસ કરી રહ્યું છે. રાજ્યપાલની મંજૂરીથી, સક્ષમ કોર્ટ હવે કેસની વધુ સુનાવણી કરી શકશે.

. . . . . . . . . . . . . . . .

પુલ- મિત્તલ પટેલ- તૃષ્ણા

## MAHARASHTR ACCIDENT

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના ધનીવારી ખાતે ટ્રક અને કન્ટેનર વચ્ચે થયેલ અકસ્માતમાં 13 લોકોના મોત થયા છે અને 20 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે. ટ્રકમાં સોથી વધુ લોકો સવાર હતા. ઘાયલોને કાસા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. રાજ્ય સરકારે અકસ્માતમાં મૃતકના પરિવારજનો માટે પાંચ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## SONOWAL WATER METRO

**કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે દેશમાં વોટર મેટ્રો સેવાઓ શરૂ કરવા અંગે નવી દિલ્હીમાં સમીક્ષા બેઠક યોજી હતી.**

શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર પ્રથમ તબક્કામાં ગુવાહાટી સહિત 18 શહેરોમાં વોટર મેટ્રો સેવાઓ શરૂ કરવાની યોજના પર કામ કરી રહી છે. પ્રથમ તબક્કામાં શ્રીનગર, પટના, વારાણસી, અયોધ્યા અને પ્રયાગરાજનો પણ સમાવેશ થાય છે, જ્યારે આસામના તેઝપુર અને ડિબ્રુગઢને બીજા તબક્કામાં સમાવવાનો પ્રસ્તાવ છે.

તેમણે જણાવ્યું હતું કે, વોટર મેટ્રો સેવા પર્યાવરણને અનુકૂળ અને ખર્ચ-અસરકારક જાહેર પરિવહન પ્રણાલી હશે. તે ઇલેક્ટ્રિક અને હાઇબ્રિડ ફેરીનો ઉપયોગ કરશે, જે શહેરોમાં ટ્રાફિક ઘટાડશે અને જનતાને વધુ સારી મુસાફરી સુવિધા પૂરી પાડશે.

# TRUMP –IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે, તેમણે કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતના નેતાઓની અપીલ પર ઈરાન પર લશ્કરી હુમલો અસ્થાયી રૂપે મુલતવી રાખ્યો છે.

શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે, યુદ્ધવિરામ વાટાઘાટો ચાલી રહી છે, જેના કારણે લશ્કરી હુમલો મુલતવી રાખવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, અમેરિકન રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, કતારના અમીર તમિમ બિન હમાદ અલ થાની, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અલ સઉદ અને યુએઈના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને મંગળવારના હુમલાને મુલતવી રાખવા અનુરોધ કર્યો હતો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકા અને પશ્ચિમ એશિયાઈ દેશોને સ્વીકાર્ય કરાર ટૂંક સમયમાં થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત કરાર ખાતરી કરશે કે, ઈરાન પરમાણુ શસ્ત્રો ધરાવતો નથી.

જોકે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો વાટાઘાટો નિષ્ફળ જાય તો અમેરિકન સૈન્ય ઈરાન પર હુમલો કરવા માટે તૈયાર છે. શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમણે સંરક્ષણ સચિવ પીટ હેગસેથ અને સૈન્યને જો જરૂરી હોય તો તાત્કાલિક કાર્યવાહી માટે તૈયાર રહેવા સૂચના આપી છે.

# BIRLA REPORT

ન્યાયાધીશ યશવંત વર્મા સામેના આરોપોની તપાસ કરી રહેલી ન્યાયાધીશોની તપાસ સમિતિએ સંસદ  ભવનમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પોતાનો અહેવાલ સુપરત કર્યો છે. ન્યાયાધીશોની તપાસ અધિનિયમ, 1968 હેઠળ વૈધાનિક આવશ્યકતાઓ અનુસાર આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલ ટૂંક સમયમાં સંસદના બંને ગૃહોમાં રજૂ કરવામાં આવશે.

ગયા વર્ષે 12 ઓગસ્ટના રોજ લોકસભા અધ્યક્ષ દ્વારા આ સમિતિની રચના કરવામાં આવી હતી. ન્યાયાધીશોની તપાસ સમિતિનું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ અરવિંદ કુમાર, બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ચંદ્રશેખર અને કર્ણાટક હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ બી.વી. આચાર્યએ શ્રી બિરલાને ન્યાયાધીશોની તપાસ સમિતિનો અહેવાલ રજૂ કર્યો હતો.

# RBI - IFR

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ વાણિજ્યિક બેંકો માટે રોકાણ વધઘટ અનામત–IFR જાળવવાની જરૂરિયાત નાબૂદ કરી છે. IFR એ રોકાણના મૂલ્યમાં ઘટાડા સામે રક્ષણ આપવા માટે બનાવવામાં આવેલ વધારાનો બફર છે.

RBI એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વ્યવસ્થા આજથી બંધ કરવામાં આવી છે. કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે પાછલા રવિવાર સુધી IFR માં ઉપલબ્ધ રકમ વૈધાનિક અનામત, સામાન્ય અનામત અથવા નફા અને નુકસાન ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

# IPL

IPL માં, સનરાઇઝર્સ હૈદરાબાદે ચેન્નાઈ સુપર કિંગ્સને પાંચ વિકેટથી હરાવીને પ્લેઓફમાં સ્થાન મેળવ્યું. ચેન્નાઈમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સે 20 ઓવરમાં સાત વિકેટે 180 રન બનાવ્યા. કાર્તિક શર્માએ સૌથી વધુ 44 રન બનાવ્યા. હૈદરાબાદ તરફથી પેટ કમિન્સે ત્રણ વિકેટ લીધી, અને શાકિબ હુસૈને બે વિકેટ લીધી.

જવાબમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે 19 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને જીત મેળવી. ઇશાન કિશને 70 અને હેનરિક ક્લાસેને 47 રન બનાવ્યા. ઇશાન કિશને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

હૈદરાબાદના હવે 16 પોઈન્ટ છે અને તેણે પ્લેઓફમાં સ્થાન મેળવ્યું છે. ગુજરાત ટાઇટન્સ પણ અંતિમ ચારમાં પહોંચી ગયું છે, જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પહેલાથી જ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગયું છે.

આજે, સાંજે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સનો સામનો કરશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોએ વિવિધ સમાચારોને હેડલાઇનમાં સ્થાન આપ્યું છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – ઇરાને હોર્મુઝની ખાડીના સંચાલન માટે નવી સંસ્થા રચી

- નવગુજરાત સમય લખે છે – USના પ્રતિબંધોની ઐસી-તૈસી :ભારત રશિયા પાસેથી ક્રૂડની ખરીદી ચાલુ રાખશે.
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે – બેન્કોને કરકસર કરવાનો સરકારનો આદેશ
- ગુજરાત સમાચાર લખે છે – દેશમાં કાળઝાળ ગરમી: યુપી 48 ડિગ્રીમાં શેકાયું
- સ્થાનિક પાને સંદેશ લખે છે – ગુજરાતમાં ઘેરલું કકળાટ વધ્યો, એક મહિનામાં 18 હજાર 376 મહિલાએ અભયમની મદદ માંગી

-------------------------------------------